ક્રમાંક : મકમ/ESC4/વ્યા.સ.ભરતી/136/2014-15/7196-7200
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચરી,
બ્લૉક નં-૧૨, બીજો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.,ગાંધીનગર.
તા.21 /08/2014.

વંચાણે લીધા ::-

1) સરકારશ્રીના શિક્ષણ વિભાગ,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : જીસીઓ/1503/2229/ખ, તા.17/06/2009.
2) સરકારશ્રીના શિક્ષણ વિભાગ,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : જીસીઓ/ 1509/3599/ખ, તા.20/06/2014.

કચેરી આદેશ ::-

આમુખ-(2) માં વંચાણે લીધેલ ઠરાવથી અત્રેની કચેરીના નિયંત્રણ હેઠળની રાજયની સરકારી વિનયન, વાણિજય, વિજ્ઞાન, કાયદાઅને બી.એડ.કોલેજોમાંની વ્યાખ્યાતાઓની ખાલી જગ્યાઓ 11 માસના કરાર આધારિત " વ્યાખ્યાતા સહાયક " થી શૈક્ષણિક વર્ષ-2014-15 માં ભરવા મંજૂરી આપવામાં આવેલ છે.

આમુખ-(1)માં વંચાણે લીધેલ ઠરાવના ફકરા (2)ના ક્રમ-2 મુજબ મળેલ સત્તાની રૂએ શૈક્ષણિક વર્ષ-2014-15 ના વર્ષની સમગ્ર ભરતી પ્રક્રિયાના ભાગરૂપે નીચે મુજબ કોર કમિટીની રચના તેમજ નિયુકિત કરવામાં આવે છે.

| ક્રમ | નામ | હોદ્દો | કોલેજ/કચેરીનું નામ |
|---|---|---|---|
| ૧ | પ્રો.એચ.જે.પટેલ | ખાસ ફરજ પરના અધિકારી, (આઈ.ટી.) | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગર. |

આ સમિતિએ ભરતી પ્રક્રિયા માટે જે સ્થળ નકકી કરવામાં આવે તે સ્થળે જરૂરિયાત મુજબ સમગ્ર ભરતી પ્રક્રિયા દરમ્યાન સોફટવેરમાં આવતી મુશ્કેલીઓનું નિરાકરણ લાવવા માટે સતત અદિત માઈક્રોસીસ સાથે રહી તેનું નિરાકરણ લાવવાનું રહેશે. તદઉપરાંત ચકાસણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઉમેદવારોનું મેરીટ લિસ્ટ અને તેના નિમણૂંક આદેશો ઉપલબ્ધ કરી આપવાના રહેશે. આઈ.ટી.કમિટીએ ઉકત કામગીરી કોર કમિટી સાથે સંકલનમાં રહીને કરવાની રહેશે.

આ ઉપરાંત જયારે ખરેખર ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે ત્યારે સોફટવેરને લગતી પ્રક્રિયામાં ઉપસ્થિત થતી મુશ્કેલીઓનું તેમજ ભરતી પ્રક્રિયા માટે ઉપસ્થિત રહેલ ઉમેદવારોની સોફટવેરને લગતી ફરિયાદોનું નિવારણ કરવાની જવાબદારી સમિતિની રહેશે.

ઉકત ફકરા-2 મુજબના સભ્યશ્રીઓએ તા.20/08/2014 થી સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી નિર્દેશ કરવામાં આવે તે સ્થળે ઉપસ્થિત રહેવાનું રહેશે.

ઉકત સમગ્ર કાર્યવાહી સંયુકત શિક્ષણ નિયામકશ્રી(મહેકમ)ના સતત માર્ગદર્શન અને દેખરેખ હેઠળ કરવાની રહેશે.

વધુમાં આ કચેરીની જનસંપર્ક અધિકારીએ સમગ્ર ભરતી પ્રક્રિયા દરમ્યાન કોમ્પ્યુટર, દોન્ગલ્સ, અને ઈન્ટરનેટ કનેકશનની સુવિધા ઉપલબ્ધ કરાવવાની રહેશે.

નોંધ ઉપર મળેલ માન. આયુકતશ્રીના આદેશાનુસાર.

સંયુકત શિક્ષણ નિયામક (મહેકમ)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ગુ.રા.,ગાંધીનગર.

પ્રતિ,

⇒ શ્રી એચ.જે.પટેલ, ખાસ ફરજ પરના અધિકારી,આઈ.ટી.,સદર કચેરી.

<u>નકલ રવાના જાણ તેમજ અલમાર્થ :-</u>

⇒ સંયુકત શિક્ષણ નિયામકશ્રી(મહેકમ) સદર કચેરી.

⇒ શ્રેયાન અધિક્ષકશ્રી, મહેકમ શાખા, સદર કચેરી

⇒ જન સંપર્ક અધિકારીશ્રી, સદર કચેરી

⇒ માન.આયુકતશ્રીના રહસ્ય સચિવશ્રી, સદર કચેરી.

⇒ હુકમ ફાઈલે.